# ગરીબ પરી

અમી પૈસાદાર મા–બાપની લાડકી પુત્રી હતી. તેને રોજ નવાં કપડાં, નવાં રમકડાં અને ભાવતાં ભોજન મળતાં. શાળામાં પણ બધાં તેને માન આપતાં. દુનિયાનાં દુઃખદર્દની તેને કોઈ જ ખબર ન હતી.

પપ્પા રોજ રાત્રે વાર્તા કહીને તેને સુવડાવતા. સરસ મજાની પરીઓની વાર્તા, રાજકુમારીની વાતો, સુખની વાતો. વાર્તા સાંભળ્યા વગર તેને ઊંઘ આવતી નહિ. તેને સોનપરીની વાર્તા બહુ ગમતી. તે રોજ પપ્પાને સોનપરીની નવી નવી વાતો કહેવા કહેતી. વાતો એટલે સોનપરીની વાતો.

સોનપરી તેની મિત્ર બની ગઈ. હવે તે સપનામાં પણ દેખાવા લાગી. અમી તેની સાથે સપનામાં રમતી અને વાતો કરતી. સોનપરી તેને મનપસંદ ચીજો લાવી આપતી અને તેની તમામ ઇચ્છાઓ પૂર્ણ કરતી. પરીનો ચહેરો ગમતો તથા તારા જડેલ ચૂંદડીવાળી સોનપરી તેને ખૂબ ગમતી.

પણ વધુ પડતાં લાડને લીધે અમી બેદરકાર બની ગઈ. પરિણામે ચોથા ધોરણમાં નાપાસ થઈ. તેને ખૂબ દુઃખ થયું. તે નિરાશ રહેવા લાગી.

રાત્રે સોનપરી પાસે પણ તે રડી પડી. આનો શો ઉપાય ?

મા–બાપે તેને ખુશ કરવા ગામડે લઈ જવાનું વિચાર્યું. તેઓ ગામ ઊપડી ગયા. અહીં તેમને લેવા એક માણસ તેની છોકરી સાથે આવ્યો હતો. તેમણે સામાન ઊંચકી લીધો. નાનકડી છોકરીને માથેય એક પોટલું મૂકી દીધું અને બધાં ઘર તરફ ચાલવા લાગ્યાં.

પેલી નાનકડી છોકરી અમી જેટલી જ હતી. પણ તેનાં કપડાં સાવ મેલાં હતાં. તે કદાચ નાહી પણ નહોતી કે નહોતું માથું ઓળ્યું. અમે તેને જોઈ રહી.

‘પપ્પા ! આની પાસે કેમ સામાન ઊંચકાવ્યો ?’

‘આપણે તેને પૈસા આપીશું.’

‘કેમ ? તેનાં મા–બાપ નથી આપતાં ?’

‘તેમની પાસે નહિ હોય.’

‘કેમ ?’

અમીએ બંનેને આ સવાલ પૂછ્યો. પણ કોઈના જવાબથી તે રાજી થઈ નહિ. છેવટે મા–બાપનો હાથ છોડાવીને પેલી છોકરી પાસે જ પહોંચી ગઈ.

‘તારું નામ શું છે ?’

‘રાધા.’

‘હું અમી છું.’ આમ બંનેની દોસ્તી થઈ ગઈ. અમીને રાધા ગમી ગઈ.

રાધા સવારે ઘરકામ કરાવવા પણ આવતી. અમી તેની આજુબાજુ ફર્યા કરતી. કામ કરીને પાછી જતી રાધાને તેણે રોકી : ‘ચાલ રાધા, આપણે રમીએ.’

‘ના અમી, મારે ઘેર કામ છે. બકરીને ચારો નાખવાનો છે. નાના ભાઈલાને રમાડવાનો છે. હું તો આ ચાલી.’

છેવટે અમી જ રાધા સાથે તેને ઘેર ગઈ. આ તે કેવું ઘર ? ઘાસ અને માટીનું. અંદર પણ માટી. ઘરમાં બકરી પણ ખરી. વળી, બહાર જાંબુનું ઝાડ હતું. પારે બાજુ ઠળિયા પડયા હતા. રાધા ઝટપટ થોડાં જાંબુ થોડી લાવી. ખોબો ભરી લઈ આવી, ‘લે અમી ખા.’

‘કેમ તમે થાળીમાં નથી ખાતાં ?’

આવી વાતોથી રાધાને ધીમે ધીમે પોતાની ગરીબાઈનો ખ્યાલ આવવા લાગ્યો. એક દિવસ અમીએ સોનપરીની વાત કહી. તેને તો આવી કોઈ પરી ન હતી. તે નિરાશ થઈ ગઈ. અમીએ તેને કહ્યું, ‘હું મારી સોનપરીને કહીશ કે તને મળવા આવે.’

રાતે અમીએ સોનપરીને વાત કહી. પરી કહે, ‘જો તે આખો દિવસ–રાત પરીને યાદ કરે તો તેને જરૂર પરી મળે. અને જે પરી તેને મળે તે જ તેની વાત માને.’



અમીએ રાધાને વાત કરી. બસ, રાધા તો આખો વખત સોનપરીને યાદ કરવા લાગી. આખરે એક રાતે સોનપરી તેને મળવા આવી. તે કહે, 'રાધા, આંખો બંધ કર, હું તારી સાથે વાત કરીશ.'

રાધા કહે, 'ના મારે તને જોવી છે. મારી પરીરાણી ! એક વાર તો હું તને જોઈશ કે નહિ ?'

પરીની બહુ ના છતાં રાધાએ આંખ ખોલી જ નાંખી. આ શું ! આવી તેની પરી ? એ પરીએ તો ફાટેલાં મેલાં ઘેલાં કપડાં પહેર્યાં હતાં. અરે એ પરી જાતે જ અત્યંત ગરીબ હતી.

રાધા કહે, 'મારે તો તારી પાસે રમકડાં, મીઠાઈ બધું જ જોઈએ છે. તું મને ક્યાંથી આપીશ ?'

પરી રડવા લાગી, કહે, 'અરે હું જ મહામુસીબતે મારું પૂરું કરું છું. તને ક્યાંથી આપું ?' એમ કહી તેણે રાધાને પોતાના ખોળામાં લઈ લીધી. ' હું તો એક ગરીબ પરી છું. તું મને માફ કરજે, હું.'

પરી તો જતી રહી. રાધાએ બીજે દિવસે અમીને વાત કરી. આ સાંભળી અમીને નવાઈ તો લાગી. સાથે સાથે ગુસ્સો પણ આવ્યો.

રાતે તે સોનપરીને ખૂબ લડી, 'કેમ રાધા પાસે તેવી ગરીબ પરી મોકલી ? એમ કેમ ?'

સોનપરી કહે, 'એમાં મારે કંઈ વાંક નથી. હું આમાં કંઈ જાણીતી નથી.'

‘સારું તો જા. તે ગરીબ પરીને મારી પાસે લઈ આવ.’

‘મારાથી એવું ના થાય ?’ એમ કહી સોનપરી ગાયબ થઈ ગઈ.

એક રાતે અમીને સપનામાં રાધા અને તેની ગરીબ પરી દેખાયાં. રાધા ખૂબ ખુશ હતી. તેણે અમીનો હાથ પકડી લીધો અને કહેવા લાગી, જો જો અમી, મારી પરી માટે શું શું લાવી છે ?’

‘બતાવ જોઉં’ અમીએ પરીને કહ્યું લપેટેલું કંઈ કાઢ્યું અને બોલી ‘આ મારસ ભેટ એનું નામ છે – અક્ષર.....!’

‘શું અક્ષર ? રાધા ગભરાઈ ગઈ. એ શું હોય છે ?’

‘સાહસ, ઈચ્છા અને સમજ !’

ગરીબ પરીની આ ભેટ સાંભળતાં રાધાને આંખોમાં ચમક આવી ગઈ. અમી તેને જોઈ રહી. તે ઝડપથી રાધાને વળગી પડી. તેને રાધા ચાંદની જેવી લાગી. ત્યાં અમીની નજર દૂર ક્યાંક પડી. આ શું ! ચાંદની ને બીજે કિનારે કોણ ઊભું છ. ? સોનપરી....ના.....ગરીબ પરી, ના સોનપરી, એ જ ગરીબ પરી....ગરીબ પરી એ જ સોનપરી !

સાહસ, ઇચ્છા અને સમજની ભેટથી ગરીબ પરી સોનપરી બની શકે છે તો ગરીબ રાધા અમીર અમી કેમ ન બની શકે ?

બની શકે કે નહિ તેની રાધાને ખબર નથી પણ તે બંને પરીને જોઈ રહી, જોઈ જ રહી.

**– શ્રદ્ધા ત્રિવેદી અને હરીશ નાયકની મનપસંદ વાર્તાઓ માંથી**

■